અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના
ઉપયોગ માટે **Toyoto Innova** કાર
ખરીદવા બાબત.
નવી બાબત - ૨૦૨૧-૨૨

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: વહન/૧૦/૨૦૨૧/૩૧૩૫૬/સ્ટોર
સચિવાલય, ગાંધીનગર.
તા.03/0૭/૨૦૨૧

વંચાણે લીધો:- બંદર અને વાહન વ્યવહાર વિભાગનો તા.૨૪/૦૯/૨૦૦૮નો ઠરાવ
ક્રમાંક: જીટીએસ/૧૦૨૦૦૬/યુઓ-૮/ઘ

<u>પ્રસ્તાવના:-</u>

અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.) ના ઉપયોગ માટે Toyoto Innova કાર ખરીદવા માટે રૂ.૧૭ લાખની નવી બાબતને વહીવટી મંજુરી આપૂવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ બાબતને નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે સમાવવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.) ના ઉપયોગ માટે Toyoto Innova કાર ખરીદવા રૂ.૧૭ લાખ (અંકે રૂપિયા સત્તર લાખ પૂરા) ની નવી બાબતને સરકારશ્રીના વખતોવખતના ઠરાવો તથા નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનુ ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના તથા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. વાહનની ખરીદી બંદર અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૦૯/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક: જીટીએસ/૧૦૨૦૦૬/યુઓ-૮/ઘ ની જોગવાઇ અને શરતોને અનુસરીને જે તે નાણાકીય વર્ષ દરમિયાન કરવાની રહેશે.

૮. બંદર અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસાર જ વાહન ખરીદવાનું રહેશે તે સિવાયનું વાહન ખરીદવાનું રહેશે નહીં.

૯. નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રક્રિયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

૧૦. બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૦૯/૨૦૦૮ ના ઠરાવ પ્રમાણે ખરીદેલ વાહનને પેટ્રોલ સંકાલિત હોય તો તેને સીએનજીમાં રૂપાંતર કરાવવાની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની જવાબદારી રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નંબર:૯૫, મુખ્ય સદર: ૨૨૫૧-૦૯૦-૦૧ બજેટ સદર હેઠળ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૯/૦૬/૨૦૨૧ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બાહર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ.યુ.પરીખ

(એસ.યુ.પરીખ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી(સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ),બ્લોક નં૪/૨જી માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર -આપને ફાળવેલ હાલનુ કંડમ થવાપાત્ર વાહન કંડમ કરવાની કાર્યવાહી કરી,વાહનની હરાજી કરી તેમાંથી ઉપજેલ રકમ સરકારશ્રીમાં જમા કરાવી અત્રે જાણ કરવા વિનંતી
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ)
- સેક્શન અધિકારીશ્રી બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
- શાખા સિલેક્ટ ફાઇલ.